**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૬/૬/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૩૧/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૪૭૪ લીટર દેશી દારૂ, ૧૮૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ બિયરટીન, ૦૨ સ્કુટર, ૦૨ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૫૭૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૩૨/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૩૩/૧૫</u>**

**સોલા હાઇકોર્ટ :** દિનેશ કનુભાઇ પંચાલ (રહે.રણછોડરાયનગર, વિભાગ-૨ જગતપુર રોડ, ચાંદલોડીયા) એ તા.૧૫/૬/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૬/૧૫ થી તા.૮/૬/૧૫ દરમ્યાન જુદાં જુદાં સમયે મોબાઇલ નંબર ૯૬૩૩૪૩૧૩૪૬ થી પુજા નામની યુવતીએ પોતાની ઓળખ એસ.બી.આઇ.બેંકના અધિકારી તરીકે આપી, દિનેશભાઇને વિશ્વાસમાં, દિનેશભાઇનાં એ.ટી.એમ.કાર્ડનો નંબર જાણી, રૂપિયા ૧,૧૦,૫૧૦/- તેમજ તેમની માતાનાં એ.ટી.એમ.કાર્ડનો નંબર જાણી રૂપિયા ૧૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૬,૫૧૦/- બંનેનાં બેંકનાં ખાતામાંથી ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.

**<u>નદીમાંથી લાશ મળી આવી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૩૪/૧૫</u>**

**રીવરફ્રન્ટ (ઇસ્ટ) :** તા.૧૫/૬/૧૫ નાં કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે સાબરમતી ગાંધી આશ્રમ નજીક ફાયરબ્રીગેડનાં કર્મચારીઓને નદીનાં પાણીમાં ડુબી જઇ મરણ ગયેલ હાલતમાં (૧) ગણેશ ધર્મેન્દ્રભાઇ નટ (ઉ.વ.૧૬) અને (૨) રાહુલ મોહનભાઇ નટ (ઉ.વ.૧૫) (બંને રહે. નટવાસ રામાપીરનો ટેકરો, જુનાવાડજ) નાઓની લાશ મળી આવી હતી તેમજ ઇન્દીરાબ્રીજ રાજસ્થાન હોસ્પીટલ નજીક, સાબરમતી નદીમાંથી મનીષ શીતલદાસ ગુરનાની (ઉ.વ.30) (રહે.નાની આશારામ સોસાયટી, ઓમપ્રકાશ તિવારી પાસે, સુભાષનગર, નોબલનગર, સરદારનગર) નાઓની લાશ રીવરફ્રન્ટ(ઇસ્ટ) પોલીસને મળી આવતાં, આ અંગે રીવરફ્રન્ટ(ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ જવાનસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યા :</u> <u>**સમાચાર યાદી નં.૧૨૩૫/૧૫**</u>

**મેઘાણીનગર :** રીમાબહેન કુલદીપસિંહ ચૌહાણ (ઉ.વ.૨૮)(રહે.શ્યામનગર, સુબાલાલની ચાલી, ભગવતી સ્કુલની સામે, મેઘાણીનગર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૫/૬/૧૫ નાં કલાક ૫/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "જી" ડીવીઝન ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)